### ભિલોડા તાલુકાના ખેરોજ કંપામાં

# જીવંત વીજ પ્રવાહનો ઝુલતા મીનારા જેવો વીજ તાર તુટતાં ૧ ગાભણ ભેંસનું મોત

## ૩ ભેંસો ઈજાગ્રસ્ત થતા સારવાર અપાઈ



ભિલોડા,તા.૩૧

ભિલોડા તાલુકાના ખેરોજ કંપામાં જીવંત વીજ પ્રવાહનો ઝુંલતા મીનારા જેવો વીજ તાર ચોમાસની સિઝન દરમ્યાન સામાન્ય પવન દરમ્યાન એકા-એક તુટતા ૧ ગાભણ ભેંસનું મોત નિપજ્યું હોય અંદાજીત રૂા.૮૦,૦૦૦/- નું નુકસાન પશુપાલકને સહન કરવાનો વારો આવ્યો જ્યારે ૩ ભેંસો ઈજાગ્રસ્ત થયેલ છે.યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓની બેદરકારીના કારણે જીવંત વીજ વાયર તુટતા ખેડુતોમાં ભારે આક્રોશ ભભુકી રહ્યો છે.

ખેરોજ કંપા ગામના ખેડુત,પશુપાલક રવજીભાઈ દેવજીભાઈ પટેલ વર્ષોથી પશુપાલનના ધંધા સાથે સંકળાયેલા હોય સીમ વિસ્તારમાં તેઓના ખેતર પાસે ચરવા મોકલેલી ભેંસો પર જીવંત વીજળીનો તાર થાંભલા પરથી તુટી પડતા ૧ ગાભણ ભેંસનું ઘટના સ્થળે મોત નિપજ્યું જ્યારે ૩ ભેંસો ઈજાગ્રસ્ત થયેલ છે.ખેડુતે ૧ મહિના પહેલાં જ યુ.જી.વી.સી.એલ.ની કચેરીમાં જવાબદાર અધિકારીઓને લેખિત અરજી મારફતે જણાવ્યું હતું કે ખેતરોમાં ઝુંલતા મીનારાની માફક જીવંત વીજ વાયરો થાંભલાઓ પર લટકી રહ્યા હોય સત્વરે સમારકામ કરવા સારૂ જણાવ્યું હતું પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓની બેદરકારીના કારણે ૧ ગાભણ ભેંસનું મોત નિપજતાં ખેડુતના પરીવારજનોમાં ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો છે.

# પાલનપુર વિરબાઈ ગેટ બ્રાહ્મણવાસમાં કાચા મકાન ઉપર દિવાલ પડતાં એક વૃધ્ધનું મોત બે વ્યક્તિનો બચાવ

પાલનપુર, તા. ૩૧

પાલનપુર શહેરમાં ગુરૂવારની રાત્રીએ એક કાચા મકાન ઉપર મકાનના પાછળના ભાગે ઉભેલી જર્જરીત દિવાલ



પતરાવાળા મકાન ઉપર પડતા મકાનની દિવાલ ધરાસાઈ થતા મકાનમાં સુતેલા એક વૃધ્ધનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતુ.તેમજ વૃધ્ધ મહિલા બહાર કામકરતી હતી.અને પુત્ર મકાનની બહાર આવી જતા માતા-પુત્રનો બચાવ થયો હતો.

પાલનપુર શહેરમાં કોટ અંદરના વિસ્તારોમાં અનેક મકાનો જર્જરીત હાલતમાં છે.આ બાબતે સ્થાનિક રહીશો દ્વારા અવાર-નવાર તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યુ છે.પરંતુ જાણે તંત્રના પેટનું જરાપણ પાણી હલતુ હોય તેવુ લાગી રહ્યુ નથી.જેના કારણે કેટલાક લોકોને તેનો ભોગ બનવુ પડતુ હોય છે.તેમજ કેટલાક ને પોતાના પુત્ર કે પતિ ગુમાવવાનો વારો આવતો હોય છે.તેજ રીતે પાલનપુર શહેરના વિરબાઈ ગેટ બ્રાહ્મણવાસ માં પરિવાર સાથે પતરાવાળા મકાનમાં રહી પરિવારનું ગુજરાત ચલાવતા નાથાભાઈ દરજી ગુરૂવારના રાત્રીના સમયે પોતાના મકાનમાં સુતેલા હતા.તેમની પત્નિ બહારના ભાગે કામ કરતી હતી.તેમજ પુત્ર પણ મકાનમાં હતો.તે સમયે મકાનના પાછળના ભાગમાં ઉભેલી જર્જરીત દિવાલ ધરાસઈ થઈ હતી.અને તે દિવાલ પતરાવાળા મકાન ઉપર પડતા મકાનની દિવાલ ધરાસાઈ થતા મકાનમાં સુતેલો વૃધ્ધ મકાનના કાટમાળમાં દટાઈ ગયો હતો.કાટમાળ પડવાના અવાજ સાથે આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા.અને ૧૦૮ને જાણ કર્યા બાદ કાટમાળ ખસેડી વૃધ્ધને બહાર કાઢવાની કવાયત હાથ ધરી હતી.અને ૧૦૮ આવતાની સાથે વૃધ્ધને પાલનપુરની સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.પરંતુ ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારને ઘરના મોભીને ગુમાવવાનો વારો આવ્યો હતો.

# પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા યોજાઈ

## વિપક્ષ નેતા દ્વારા અત્તર આપી પાલનપુરને ગંદકી મુક્ત કરી ફૂલોની નગરી બનાવવાની અપીલ

પાલનપુર, તા. ૩૧

પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા શુક્રવારે પાલિકા પ્રમુખ હેતલબેન રાવલ ના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી.જે સભામાં એજન્ડા મુજબ ના ઠરાવો બહુમતીથી મંજૂર કરવામાં આવ્યા હતા.સભાની શરૂઆતમાં વિપક્ષ નેતા અંકિતા ઠાકોર દ્વારા શહેરને ગંદકીમાંથી મુકત કરી ફુલો અને અત્તર ની નગરી તરીકેની ઓળખ ઊભી કરવા પાલિકા પ્રમુખને અત્તર ની ભેટ આપી હતી.તેમજ કોરોના મહામારી વચ્ચે વધારેલો વેરો કોમર્શિયલ ની સાથે રહેણાકમાં પણ ઘટાડવા રજૂઆત કરી હતી.

પાલિકા પ્રમુખ હેતલબેન રાવલે જણાવ્યું હતું કે શહેર ના વિકાસ મુદ્દે બેઠકમાં રજૂઆત કરવામાં આવી હતી.તેમજ વેરા માફી અંગે વેપારીઓની રજૂઆતોને સરકારમાં મોકલી આપેલ છે.સરકાર દ્વારા જે નિર્ણય આવશે તેને અમે અનુસરીશુ

બેઠકમાં ચીફ ઓફિસર સતિષ પટેલ,પાલિકા ઉપપ્રમુખ હસમુખ પઢિયાર,કારોબારી ચેરમેન દીપકભાઈ પટેલ સહિત પાલિકાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા મંદિર પરીસરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૩૧

ભિલોડા અર્બુદા સેવા સંઘ સંચાલિત માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદિર પરીસરમાં એન.સી.સી., એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.આચાર્ય આર.કે.પટેલ, એન.સી.સી. ઓફીસર ડી.આર. ચૌધરી, એન.એસ.એસ. ઓફીસર એચ.જે. ભાવસારના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આચાર્ય અને




એન.સી.સી. ઓફીસરે વૃક્ષારોપણના મહત્વ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

# સોનિકપુર પાસે ૨ બાઈક ટકરાતાં ૧નું મોત, ૧ ને ઈજા : માલપુર તાલુકાનો બનાવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

માલપુર તાલુકાના સોનિકપુર ગામના પાટીયા પાસે સામસામે પસાર થતી બો બાઈકો ધડાકાભેર ટકરાતાં સોનિકપુર ગામના રમણભાઈ દાડાભાઈ પટેલનું ગંભીર ઈજાથી સ્થળ ઉપર મોત નિપજ્યું હતું. જ્યારે અકસ્માત કરનાર સંજય કરસનભાઈ ભરવાડ(રહે.કીડીયાદ)ને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. અકસ્માત સર્જી ચાલક ફરાર થયો હતો પરંતુ પોલીસે પાર્સિંગ નંબરના આધારે આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



માર્ગો ઉપર ધુમ સ્ટાઈલે ટુ-વ્હીલર વાહનો દોડવા લાગતાં રોજ ગમખ્વાર અકસ્માતો સર્જાતા હોય છે. ગત રોજ માલપુર તાલુકાના સોનિકપુર ગામના રમણભાઈ પટેલ બાઈક લઈને ગામના પાટીયા નજીકથી પસાર થતા હતા જે સમયે સામેથી બાઈક લઈને આવતા કીડીયાદ ગામના સંજય ભરવાડે બાઈકને ટક્કર મારી ફંગોળી નાખ્યું હતું જેમાં રમણભાઈ પટેલ ફૂટબોલની જેમ ફંગોળાઈ રોડ ઉપર પટકાતાં માથાના ભાગે થયેલ ગંભીર ઈજાથી તેમનું મોત નિપજ્યું હતું. જ્યારે આરોપીને ગમખ્વાર અકસ્માતમાં ઈજા થઈ હોવા છતાં સ્થળ ઉપર બાઈક મૂકી ફરાર થઈ ગયો હતો પરંતુ પોલીસ દ્વારા તેની શોધખોળ કરી બનાવ અંગે કેતનકુમાર રમણભાઈ પટેલની ફરિયાદના આધારે ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.

# પાલનપુર ખાતે કોંગ્રેસનો જન ચેતના આંદોલન કાર્યક્રમ યોજાયો

### મોંઘવારી વિરુદ્ધ કોંગ્રેસે રેલી યોજી : પોલીસે ૫૦થી વધુ કાર્યકરોની કરી અટકાયત

પાલનપુર, તા. ૩૧

ભાજપ શાસિત કેન્દ્ર અને




રાજ્ય સરકારના રાજમાં મોંઘવારી વધતી જાય છે. ત્યારે વિપક્ષ કોંગ્રેસે પ્રજાની વેદનાને વાચા આપવા માટે જન ચેતના આંદોલન છેડયું છે. જેના ભાગરૂપે પાલનપુર ખાતે કોંગ્રેસે રેલી યોજી હતી. જોકે, પોલીસે ૫૦ થી વધુ કાર્યકરોની અટકાયત કરી હતી.

રાજ્ય અને કેન્દ્રની ભાજપ સરકારના રાજમાં પેટ્રોલ અને ડિઝલના વધતા જતા ભાવ સાથે મોંઘવારી પણ કૂદકેને ભૂસકે વધી રહી છે. ત્યારે વિપક્ષ કોંગ્રેસે લોકોની વ્યથાને વાચા આપવા જન ચેતના આંદોલન છેડયું છે. ત્યારે પાલનપુર ખાતે બનાસકાંઠા કોંગ્રેસના પ્રભારી ચંદનજી ઠાકોરની અધ્યક્ષતામાં પાલનપુર તાલુકાની વિસ્તૃત કારોબારી ની બેઠક મળી હતી. જેમાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને વિજયી બનાવવા કોંગ્રેસી કાર્યકરોને કમર કસવા હાકલ કરાઈ હતી.

બેઠક બાદ લાયન્સ હોલથી કોંગ્રેસે મોંઘવારી વિરુદ્ધના વિવિધ બેનરો સાથે રેલી યોજી હતી. જે રેલી ગઠામણ દરવાજા આવતા પોલીસે કોંગ્રેસના ૫૦ થી વધુ કાર્યકરોની અટકાયત કરતા મામલો ગરમાયો હતો. કોંગ્રેસે ભાજપની સંવેદનહીન સરકારને જગાડવા જન ચેતના આંદોલન છેડયું હોવાનું જણાવ્યું હતું.

આમ, વિધાનસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસ હવે જન આંદોલનો થકી સક્રિય બનવાનો પ્રયાસ કરી રહી છે.

## બાયડની પીપલ્સ હાઈસ્કુલના શિક્ષકનો નિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

બાયડની ન્યુ પીપલ્સ ઈન્ડીયા હાઈસ્કુલમાં ફરજ



બજાવતા મદદનીશ શિક્ષક સી. કે. પટેલનો તા.૩૧ના રોજ સ્વૈચ્છીક નિવૃત્તિ સમારોહ યોજવામાં આવ્યો હતો જેમાં શાળા પરિવાર દ્વારા તેમની શૈક્ષણિક સેવાઓની સૂપેરે નોંધ લઈ શ્રીફળ, ફુલહાર તેમજ શાલ ઓઢાડી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના સંચાલક એસ. એમ. માયાવંશી, જગદીશભાઈ પટેલ તેમજ શાળા સ્ટાફે ભાવુક હૃદયે નિષ્ઠાવાન કર્મચારીનું નિવૃત્તિ જીવન નિરોગી અને સુખમય વિતે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## બાયડ પંચાલ સમાજનું ગૌરવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧



બાયડમાં સામાજીક તેમજ રાજકીય ક્ષેત્રે અગ્રેસર મણીભાઈ પંચાલની પ્રાઈડ ઓફ પંચાલ ફાઉન્ડેશન(વિશ્વકર્મા ટીમ) અરવલ્લી જિલ્લાના ઉપપ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવતાં પંચાલ સમાજમાં આનંદ છવાયો છે. સમાજ પ્રત્યેની તેમની સેવાભાવના તેમજ સેવા કાર્યોને ધ્યાનમાં રાખી ગુજરાત પ્રેસિડેન્ટ સુનિલ પંચાલ, વાઈસ પ્રેસિડેન્ટ કેતન પંચાલ સહિતના હોદ્દેદારો દ્વારા પ્રાઈડ ઓફ પંચાલ ફાઉન્ડેશનમાં નિમણૂંક કરવામાં આવતાં સમાજના અગ્રણીઓ તેમજ શુભેચ્છકોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

## પાલનપુરમાં જુગાર રમતા ત્રણ શખ્સ ઝડપાયા

પાલનપુર, તા. ૩૧

પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશનના હર્ષદકુમાર, રણજીતસિંહ,જયદીપસિંહ,સંકેતકુમાર શહેરમાં પેટ્રોલિંગમાં હતા.તે સમયે બાતમી મળી હતી.કે રેલ્વે સ્ટેશન સામે આવેલ સુભાષ કોમ્પલેક્ષની ઉપરની ખુલ્લી અગાશીમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે.જેથી પોલીસ દ્વારા રેડ કરી જુગાર રમતા શૈલેષકુમાર ભોગીલાલ મોદી રહે.મોદીનગર પાલનપુર,સાગરકુમાર ગૌતમભાઈ ડાભી રહે.માસરોવર અને દર્શન મનોજભાઈ ઓડને ઝડપી લઈ તેમની પાસેથી જુગારનું સાહીત્ય તેમજ રોકડ રકમ રૂ.૨૧૨૦નો મુદ્દામાલ જડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## પાલનપુર નજીક આવેલ બાયોડીઝલ પંપના ઈંધણનો નમુનો ફેલ થતા ફરિયાદ

પાલનપુર, તા. ૩૧

પાલનપુર તાલુકાના મલાણા પાટીયા પાસે આવેલ બાયોડીઝલ પંપમાં ભેળસેળ યુક્ત ઈંધણનું વેચાણ થતુ હોવાના પગલે પોલીસ અને મામલતદારની ટીમ દ્વારા રેડ કરી શંકાસ્પદ ઈંધણ ઝડપી લેવામાં આવ્યુ હતુ. જે નમુનો ફૂલ થતા નરેશ જોષી સામે ફરિયાદ નધાઈ છે.

પાલનપુર તાલુકાના મલાણા પાટીયા પાસે આવેલ પ્રગતિ એન્ટરપ્રાઈઝ બાયોડીઝલ પંપ ઉપર ભેળસેળ યુક્ત પરીવહન ઈંધણનું વેચાણ કરવામાં આવતુ હોવાની તાલુકા પોલીસ મથકને બાતમી મળી હતી.જેથી પોલીસ અને મામલતદારની ટીમ દ્વારા તા.૧૪ ફેબ્રુઆરીના રોજ રેડ કરી હતી.અને રૂપિયા ૧૨,૩૨,૦૫૨નું ૧૭૫૩૧ લીટર શંકાસ્પદ ઈંધણ જડપી લેવામાં આવ્યુ હતુ.ત્યારબાદ વિભાગ દ્વારા ઝડપાયેલ ઈંધણને એફએસએલમાં ચકાસણી માટે મોકલવામાં આવતા ભેળસેળ યુક્ત હોવાનું બહાર આવતા તાલુકા પીએસઆઈ જે.કે.જુંગીએ ગુરૂવારેના રોજ નરેશભાઈ જયરામભાઈ જોષી રહે.થરા તા.કાંકરેજ સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જન્મદિને વધામણી



પાવન દિપકભાઈ પટેલ
દેસાઈપુરા, તા.બાયડ



પ્રેશા અલ્પેશગીરી ગોસ્વામી
ઉદેપુરગામ, તા.ધનસુરા



ડેનિશા રૂપેશકુમાર કાપડીયા
સૂરપુર, તા.ઈડર



દેવર્ષ આશિષકુમાર પંડ્યા
હિંમતનગર(ઘડી)



કુશ ચૌધરી
શીકા, તા.ધનસુરા



મિત ચેતનભાઈ પટેલ
આકરૂન્દ, તા.ધનસુરા



પ્રવિણભાઈ આઈ. પટેલ
(આરડેક્તા કોલેજ-ખેડબ્રહ્મા)
વરતોલ, તા.ખેડબ્રહ્મા



જ્યંતિભાઈ કે. પટેલ
(કૈવલ મેડીકલ સ્ટોર્સ-બાયડ)
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



ધ્યાન સચિનકુમાર નાયક
(ઓમ રેસીડેન્સી-બાયડ)
રામપુરા-આમોદરા



અમિતાબેન કલ્પેશભાઈ પટેલ
અમદાવાદ



સ્મિત પટેલ
સ્થળઃ લાલોડા (ઇડર)



ઘરમાં રહો, સુરક્ષિત રહો

# પાલનપુર તાલુકા પંચાયત કચેરી કર્મચારીઓને પ્રાથમિક સુવિધા આપવામાં નિષ્ફળ...!

### કચેરીમાં પીવા માટે તેમજ ટોયલેટમાં પાણીનો અભાવ




ગાંધીનગર, તા. ૩૧

કોંગ્રેસ શાસિત પાલનપુર તાલુકા પંચાયતમાં છેલ્લા કેટલાય સમયથી યોગ્ય પીવાના પાણીની તેમજ ટોયલેટમાં પણ પાણીની વ્યવસ્થા ન હોવાના કારણે કર્મચારીઓ તેમજ અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પાલનપુર તાલુકા પંચાયત કચેરીના કર્મચારીઓને પ્રાથમિક સુવિધા આપવા માટે તાલુકા પંચાયત નિષ્ફળ પુરવાર સાબિત થઈ રહી છે. તો તાલુકામાં શુ સુવિધાઓ તેમજ વિકાસના કામો કરશે તે એક મોટો પ્રશ્ન છે. પાલનપુર તાલુકા પંચાયતની કચેરીમાં પાછળના ભાગમાં કર્મચારી તેમજ અરજદારો માટે સંડાસ-બાથરૂમ બનાવવામાં આવેલા છે. પરંતુ બંન્નેમાં છેલ્લા એક વર્ષથી પાણીની કોઈ વ્યવસ્થા નથી. જેના કારણે કર્મચારી ઓને ટોયલેટ કે લેટરીન જઉ હોય તો ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમજ પીવાના પાણીની પણ યોગ્ય વ્યવસ્થા ન હોવાના કારણે મિનરલ વોટર જગ મંગાવી કર્મચારીઓ પાણી પી રહ્યા છે. જેથી આ બાબતની તાલુકા વિકાસ અધિકારી દ્વારા તપાસ કરી કર્મચારીઓને સત્વરે પ્રાથમિક સુવિધાઓ પુરી પાડે તેવી લાગણી વ્યક્ત થઈ રહી છે.